## પોલીસ અને ઔષધ નિયમન તંત્રના દરોડામાં

# ટૂંડાવ ગામેથી રૂ. ૭.૧૩ લાખની કિંમતની ૧૯૯ નકલી જીરાની બોરીઓ પકડાઈ

ઊંઝા, તા.૧૮

ઊંઝા તાલુકાના ટૂંડાવ ગામની સીમમાં ત્રણ જુદી જુદી વરિયાળીમાંથી જીરૂ બનાવતી ફેકટરીઓ પર મહેસાણા એલ.સી.બી. તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓની ટૂકડીએ ઓચિંતા દરોડા પાડી સ્થળ પરથી કુલ રૂ. ૭.૧૩ લાખની મત્તાની નકલી જીરાની ૧૯૯ બોરીઓ કબજે કરી આ સંદર્ભે ઊંઝાના નવ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઊંઝા તાલુકાના ટૂંડાવ ગામની સીમમાં કેટલાક શખ્સો નકલી જીરૂ બનાવતી હોવાની મળેલ હકિકતના આધારે રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના નાયબ કમિશનર દિપીકા ચૌહાણના નેતૃત્વ હેઠળ મહેસાણા જિલ્લાના સંબંધિત અધિકારીઓ અને જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે બપોરના સમયે ટૂંડાવ ગામની સીમમાં ત્રણ જુદી જુદી જગ્યાએ ખેતરોમાં બનાવેલ ફેકટરીમાં અચાનક દરોડો પાડયો હતો. જેમાં ફેકટરીઓના માલિકો, ભાગીદારો મજૂરો મારફતે પોતાની ફેકટરીઓમાં હલકી કક્ષાની વરિયાળીને મશીનના ચારણે ચાળીને ઝીણાદાણાને પાણીમાં પલાળી તેમાં લાલ જેવો અખાદ્ય પાવડરનું મિશ્રણ કરી સૂકાવીને નકલી જીરૂ બનાવવાની હિન પ્રવૃત્તિ કરી રહ્યાનું માલૂમ પડયું હતું.

જેથી ત્રણેય ફેકટરીમાંથી અનુક્રમે ૧૧ બોરી નકલી જીરૂ, વજન ૬૪૭ કિલો, વરિયાળી ગુણી ૯૨, માટીનો પાવડર નંગ-૨૦, નકલી જીરૂ ૩૦ ગુણી તથા નકલી જીરાની ૯૬ ગુણ મળી કુલ ૧૯૯ બોરીઓનો ૬૭૧૩ કિલો વજનનો જથ્થો જેની અંદાજીત કિંમત રૂપિયા સાત લાખ તેર હજારની થવા જાય છે. તે કબજે કરી ત્રણેય સ્થળોથી નવ ઈસમોને ઝડપી લઈ તેઓના વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૭૨, ૨૭૩, ૪૨૦, ૧૧૪, ફુડ એન્ડ ડ્રગ્સ એકટની કલમ ૨૬, ૨૭ મુજબ ત્રણ અલગ અલગ ગુનાઓ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભેળસેળ કરનારા તત્વો ખાદ્ય ચીજમાં અખાદ્ય વસ્તુ ભેળવીને પોતાના આર્થિક ફાયદા સારૂ લોકોના આરોગ્યને નુકશાન થયા તેવું જાણવા છતાં આ પ્રવૃત્તિ કરી રહ્યા હતા. ભેળસેળની વધેલી પ્રવૃત્તિને અટકાવવા માટે કાયદાકીય રીતે અસરકારક રીતે પગલાં ન ભરાતાં આ પ્રવૃત્તિએ વેગ પકડયો હોવાનું ચર્ચાય છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરના જોરાવર પેલેસનો ફુવારો ચાલુ થતા લોકોમાં આનંદ છવાયો

હંમેશા જનસેવાના નિસ્કારણ માટે સતત સામ-સામે ધમધમતા અખબારી પ્રસારણ માધ્યમો અગ્રેસર ગાંધીનગર સમાચારના પાના પર ઉપર જોરાવર પેલેસનો ફુવારો ડેન્ગ્યુ મલેરીયાના ઉદ્‌ભવ સ્થાન શિર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલ અહેવાલોને પગલે તંત્ર સફાળુ જાગ્યું હતું. આખરે આળસ ખંખેરીને આ લાખો રૂપિયાના ખર્ચે જન સુવિધા માટે નાના ભૂલકાઓ સાંજે ૫ પરિવાર સાથે ફરવા મનોરંજન માણવા આવનારા આવે છે. ત્યાં સફાઈ કરીને કલેક્ટર જે.બી. વોરાના આદેશથી માર્ગ-મકાન વિભાગના કર્મસીલ અધિકારી પ્રજાપતિએ તેમના વિભાગને આદેશ કરી આ ફુવારો અને તેની સાફ સફાઈ કરાવી રીપેરીંગ કામ કરી ચાલુ કરાવતા અત્રે આવતા મુલાકાતીઓ અરજદારો અને શહેરીજનો માટે સાચા અર્થમાં કર્મયોગી બનતા લોકોએ ખુશાલી વ્યક્ત કરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# રોયલ્ટીની ચોરી કરતી ૪ ટ્રકો ઝડપાઈ : ૪૦ હજારથી વધુનો દંડ

પાલનપુર, તા. ૧૮

બનાસકાઠાં જિલ્લામાં રોયલ્ટીની ચોરી કરતાં તત્વો ખાણ ખનીજ વિભાગે લાલા આંખ કરતાં ગત રોજ મોડી રાતે રેતી ઓવર લોડ ભરી જતી ૪ ટ્રકો પાલનપુરની ઉપરોક્ત ટીમે ઝડપી લેતાં ખનીજ રોયલ્ટી ઓવર લોડ ભરતાં તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

આ અંગે ખાણ ખનિજ વિભાગના સૂત્રો માંથી જાણવા મળતી માહિતી મુજબ મંગળવારે રેતીનું વહન કરનારા પરમીટ કરતાં વધુ માલ વહન કરનારાઓની તપાસ અર્થે ચેકીંગ દરમ્યાન પાલનપુર- ડીસા હાઈવે પરથી પસાર થતી રેતી ભરેલી ૪ ટ્રકોને ઝડપી ઓવર લૉડ વજન હોવાથી ઝડપી પાડી. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તે અંગે રોયલ્ટી ઈન્સપેકટર આશિષે વિગત માગતાં જણાવેલ કે ગતરોજ પાલનપુર એરોમાં સર્કલથી ડીસા રોડ પર એક કિ.મી. દુર બનાસકાઠાંમાં ખનીજ અંગે અને રોયલ્ટી ચોરી કરતાં તત્વો જે સરકારી તિજોરી નુકશાન પહોચાડે છે. તેવા લોકો પર લાલ આંખ કરવા કલેક્ટર જે.બી.વોરાના માર્ગદર્શન હેઠળ નવ નિયુકત મદદનીશ ભુસ્તર શાસ્ત્રી યુ.કે. સીંઘ તેમની ટીમના રોયલ્ટી ઈન્ય. આશીષ સોની સર્વે પર એન. આર પટેલ અને તેમની સિક્યુરીટી સાથે રોયલ્ટી ચોરી કરી ઓવર લોડ માલ વાહક કરતાં લોકોને સાણસામાં લેવા વોચમાં હતા ત્યારે મોડી સાંજે પસાર થતી ૪ ટ્રકો કે જેમાં રેતી ભરેલી હતી. તેની મેક્ષ પાવતીમાં દર્શાવેલ વજન કરતાં વધુ વજન છે કે કેમ તે તમામ ટ્રકોનું વજન કાંટા પર લઈ જઈ ફરી વજન કરાવેલ જેમાં ટ્રક નં. જીજે ૮ ડબલ્યુ ૨૦૯માં ૫૮૭ મેટીકથી વધુ વજન હોવાથી તેના માલીક અલજી નસીરભાઈ પરસાણીને રૂા. ૧૪૬૭૫ જેટલો દંડ ટ્રક નં. ૮ ઝેડ ૯૦૫ માં ૪ મેટ્રીક ટનથી વધુ વજન તેના માલિક ભેમજીભાઈ ચેલાભાઈ પટેલને રૂા. ૧૦ હજારનો દંડ ટ્રક નં. જીજે ૧૮-૭૦૪૪ માં ૧.૮૫ મેટ્રીક ટન વધુ વજન હોવાથી તેના માલીક ચેતનગીરી હુરમગીરીને રૂા. ૩૭૧૩ જેટલો દંડ અને ટ્રક નં. જીજે ૮ ડબલ્યુ ૬૮૪માં માંથી ૩૮૫ મેટ્રીક ટન વધુ વજન હોવાથી તેના માલીક હરેશ બાબુલાલ પટેલ રૂા. ૧૩૪૬ ૩નો દંડ ફટકારતા કાર્યવાહી હાથ ધરાઈ છે. આ દંડ પ્રતિ મેટ્રીક ટને રૂા. ૨૫૦૦ ઓવર લોડ વજન રેતીમાં નિયત કરવામાં આવેલ છે. આમ અચાનક જ ખાણ ખનીજ વિભાગે પાવતી કરતાં વધુ વજન ભરી ખનીજ રોયલ્ટી ચોરી કરતાં તત્વોમાં ભારી ખળભળાટ મચી જવા પામ્યો છે.

## ગોરલમાં પુરવઠા વિભાગનો સપાટો

### ૮૦૦ કિલો ઘઉં અને ૨૦૦ કિલો ચોખાનો જથ્થો સીઝ કરાયો

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા પુરવઠા વિભાગની ટીમે ઈડર તાલુકાના ગોરલ ગામે આવેલ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનની ચકાસણી કરતાં ગંભીર ગેરરીતીઓ પ્રકાશમાં આવતાં ૧૦૦૦ કિલો અનાજનો જથ્થો સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે લોકોને રેશનીંગનો જથ્થો સરકારના ધારાધોરણ મુજબ નિયમિતપણે મળી રહે તે માટે પુરવઠા વિભાગ દ્વારા અસરકારક આયોજન ગોઠવાયું છે. જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાનીની રાહબરી હેઠળ ચીફ સપ્લાય ઈન્સ્પેકટર જયંતિભાઈ ચૌહાણ તેમજ સપ્લાય ઈન્સ્પેકટર યશવંતભાઈ ચૌહાણ, રમેશભાઈ ચાવડાની ટીમે જિલ્લાના જુદા જુદા મથકો ઉપર તપાસ હાથ ધરી છે. તપાસ દરમ્યાન ઈડર તાલુકાના ગોરલ ગામે સી.પી. ચૌહાણ સંચાલિત વ્યાજબી ભાવની દુકાનમાં ૪૧૭ કિલો ઘઉં અને ૨૬ કિલો પા.તેલની ઘટ જણાતાં પુરવઠા વિભાગની ટીમે ૮૦૦ કિલો ચોખા અને ૨૦૦ કિલો ઘઉંનો જથ્થો જેની કિંમત રૂ. ૨૭,૦૦૦ થાય છે તે સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળીના તહેવારો દરમ્યાન લોકોને રેશનીંગનો જથ્થો સરળતાથી મળે તેમજ કાળા બજારને ડામવા જિલ્લા પુરવઠા અધિકારી ધવલ જાની અને ચીફ સપ્લાય ઈન્સ્પેકટર જયંતિભાઈ ચૌહાણ અને ટીમ દ્વારા અસરકારક કામગીરી થઈ રહી છે.


# લાંચ કેસમાં બે વર્ષની કેદ અને ૧૫૦૦ દંડ ફટકારતી કોર્ટ

હિંમતનગર, તા.૧૮

સને ૨૦૦૮ના અરસામાં દિલીપકુમાર ડાહ્યાલાલ પરમાર, રહે. શકિતનગર, જુના માર્કેટયાર્ડ પાછળ, હિંમતનગરનાઓ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, સાબરકાંઠા, હિંમતનગર મુકામે સિનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા તે વખતે ફરીયાદી નાનજીભાઈ વાલજીભાઈ ડામોર શિક્ષક તરીકે નિવૃત્ત થયેલ જેથી જી.પી. ફંડના નાણા મેળવવા જરુરી કાગળો શિક્ષણ અધિકારીની કચેરીમાં મોકલી આપેલા અને ફરીયાદીએ તા. ૪-૨-૦૮ના રોજ આરોપી દિલીપકુમાર ડાહ્યાલાલ પરમારનો સંપર્ક કરતાં તેઓએ સાંજના હિંમતનગર મુકામે હનુમાનજીના મંદિર પાસે બોલાવી લાંચની રકમ રૂ.૧ ૬૦૦ આપવા પડશે તેવું જણાવેલ જેથી ફરીયાદીએ પૈસા વધારે નહિ હોવાનું જણાવતા તા. ૫-૨-૦૮ના રોજ સાંજના ૬ થી ૬.૩૦ વચ્ચે રૂ. ૬૦૦ આપી જવા વાયદો કરેલ અને બાકીની રકમ પ્રોવિડન્ડ ફંડની રકમ મળ્યેથી આપવી જેથી ફરિયાદી નાનજીભાઈએ આરોપીએ લાંચની રકમની માંગણી કરેલ હોઈ તા. ૫-૨-૦૮ના રોજ એ.સી.બી. ઓફીસ, હિંમતનગર મુકામે પોતાની ફરિયાદ આપેલી જેના આધારે લાંચના છટકાનું આયોજન ગોઠવવામાં આવેલ તે વખતે તા. ૫-૨-૦૮નાં રોજ પંચની હાજરીમાં આરોપી દિલીપકુમાર ડાહ્યાભાઈ પરમાર લાંચની રકમ રૂ. ૬૦૦ પોતાના કબ્જાના એકટીવા સ્કુટરની ડેકીમાં મુકાવી લાંચ સ્વીકારી પકડાઈ ગયેલા જે અંગેનો ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ મુજબનો ગુન્હો નોંધી આરોપી વિરૂધ્ધ એ.સી.બી. ઓફીસે ચાર્જશીટ રજુ કરેલ જે કેસ સ્પે. જજ શ્રી એસ.આઈ. ટીંબલીયા સાહેબની કોર્ટ, સા.કાં. હિંમતનગરનાઓ સમક્ષ ચાલી જતાં નામ. કોર્ટે આરોપી દિલીપકુમાર ડાહ્યાલાલ પરમારને ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ ફરીયાદીની જુબાની, પંચની જુબાની, ટ્રેપીંગ ઓફીસરની જુબાની, ત.ક.એ.ની જુબાની તથા દસ્તાવેજી પુરાવાઓ તેમજ સરકારી વકીલશ્રી દિલીપ એમ. બારોટની દલીલો ધ્યાને લઈ આરોપીને ૨ વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૧૫,૦૦૦નો દંડ તા. ૧૮-૧૦-૨૦૧૨નાં રોજ ફટકારેલ છે.

## ખેડબ્રહ્માના પરોસડા ખાતે જીપ પલટી ખાતા ૧૫ ઘાયલ

ખેડબ્રહ્મા નજીકના પરોસડા ગામેથી મજુરી કામે આવતા મજૂરોની જીપ નાકા પાસે બ્રેક ફેઈલ થઈ જવાથી પલટી ખાઈ ગઈ હતી. જેમાં પરોસડા ગામના ૧૫ જણાને ઈજાઓ થઈ હતી જેમને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જેમાં ૮ વ્યકિતઓને વધુ ઈજાઓ થતા હિંમતનગર ખસેડવામાં આવ્યા હતાં.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાંથી ત્રણ ટીયરગેસના સેલ મળી આવતા ચકચાર

### થ્રી-વે ટીયરગેસના સેલનો ઉપયોગ શત્રુ કે આરોપીને પકડવા માટે થાય છે

દાંતીવાડા, તા. ૧૮

બોર્ડર સિક્યોરીટી ફોર્સનું વડુમથક દાંતીવાડા ખાતે આવેલ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી વિસ્તારમાં આજે બપોરના સમયે લાજવંતી કેન્ટીન પાછળથી ખુલ્લામાં ત્રણ થ્રી વે ટીયરગેસ મળી આવતા સમગ્ર વિસ્તાર ભારે સનસનાટી મચી જવા પામી હતી. આ બાબતે સ્થાનિક પોલીસ અને બી.એસ.એફ.ના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી બે ફૂટેલા અને એક જીવીત થ્રી વે ટીયર ગેસના સેલ કબજે લઈ આ મામલાની ઘનિષ્ટ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ બનાસકાંઠા જિલ્લાના દાંતાવીડા તાલુકામાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી આવેલી છે. આ યુનિવર્સિટીમાં આવેલી લાજવંતી કેન્ટીનના પાછળના ભાગે દિવાલની પાસે કેન્ટીન સંચાલક હાથીભાઈ ચૌધરીને ત્રણ થ્રી વે ટીયર ગેસના સેલ નજરે પડ્યા હતા. જેથી તેઓએ આ મામલાની સ્થાનિક પોલીસને જાણ કરી હતી જે બાદ દાંતીવાડા પોલીસ, બી.એસ.એફ.ના અધિકારી અને એસ.ઓ.જી.ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરતા અધિકારીઓને બે ફુટેલા તેમજ એક જીવંત થ્રીવે ટીયરગદેસના સેલ મળ્યા હતા. પોલીસે આ તમામ ત્રણેય ટીયરગેસના સેલ કબજે કરી દાંતીવાડા પોલીસમથકે ગુનો નોંધી આ મામલાની વધુ તપાસ હાથ ધરી છે.

ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક એડમીનીસ્ટ્રેશન, ન્યુ દિલ્હીના તાલીમાર્થી બનેલા અફઘાનિસ્તાનના જિલ્લા કક્ષાના ૧૬ વહીવટી વડાઓ તેમના અભ્યાસ -વાસ અંતર્ગત પાટણ ખાતે પધાર્યા હતા. -ે. કમલકાન્ત પાંડેની રાહબરી તળે પાટણ જિલ્લાની મુલાકાતે આવેલું અફઘાન વહીવટી વૃંદ પાટણ ખાતે જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા પંચાયત કચેરીની મુલાકાતે ગયું હતું. કલેકટરશ્રી જે.જી. હિંગરાજીયા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિશંકરે અફઘાનીસ્તાનના જિલ્લા -ેવીનન્સ વહીવટી વડા ગણાતા ગર્વનરોને મહેસુલી અને પંચાયતી વહીવટી કાર્ય -ણાલિઓ, કાર્ય સંસ્કૃતિ, ત્રિસ્તરીય પંચાયત વ્યવસ્થા, જિલ્લાકક્ષાના વહીવટીતંત્રની વિવિધ વહીવટી વ્યવસ્થાઓ વગેરે બાબતોથી અવગત કરાવ્યા હતા. અફઘાન અધિકારીઓનું શાલ ઓઢાડી અભિવાદન કરાયું હતું.

અભ્યાસ -વાસ અંતર્ગત ગર્વનર વૃંદે પાટણની વિશ્વ -સિધ્ધ રાણીની વાવની શિલ્પ સંપદાની ઝાંખી કરી હતી. આ ઉપરાંત સદીઓ પુરાણી પટોળા હસ્ત વણાટની -ક્રિયા નિહાળી હતી. પાટણની આ વિશ્વમાન્ય વિરાસત નિહાળી અફઘાનીસ્તાનના વહીવટી અધિકારીઓ અભિભૂત થયા હતા. અફઘાન વૃંદની અગવાનીમાં અધિક નિવાસી કલેકટરશ્રી ધર્મેન્દ્ર શાહ, પાટણના -ંત ઓફિસરશ્રી સુધીર પટેલ જોડાયા હતા.



# ડીસા નજીક જુના ડીસા હાઈવે પર રીક્ષા ચાલકોની રંજાડ

ડીસા, તા. ૧૮

ડીસા નજીક ના જુનાડીસા ગામે હાઈવે ઉપર અડીંગો જમાવી બેઠેલા રીક્ષા ચાલકોની લુખ્ખાગીરી અને જોહુકમી વધી જતી હોવાની બુમ ઉઠવા પામી છે. જેથી હાઈવે પર ટ્રાફીક પોઈન્ટ પુનઃ શરૂ કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

તાલુકા મથક ડીસા ને પાટણ થી જોડતા એક માત્ર હાઈવે ઉપર રાત-દિવસ વાહનોની ભારે અવર જવર જોવા મળે છે. તેમાં જુના ડીસા ગામના હાઈવે ના શટલીયા રીક્ષા ચાલકો બથામણીયો કબ્જો કરી બેઠા છે. જેઓ હાઈવેપર જ મુસાફરો ભરતા આવન-જાવન કરતા વાહનો અવરોધાય છે. જેના કારણે ચક્કાજામ ટ્રાફીક ની સમસ્યા થવા પામે છે. જેથી અવાર નવાર માર્ગ અકસ્માતો થાય છે. રીક્ષા ચાલકો જો હુકમી દાખવી ને ગામમાં આવતા જતા વાહનોને પણ સાઈડ ન આપતા "તુ 'તુ' મૈ મૈ" ના દ્રશ્યો રોજીંદા બની ગયા છે. આટલું ઓછુ હોય તેમ રીક્ષા ચાલકો મુસાફરો પાસેથી મનસ્વી પણે ભાડુ વસુલે છે. અને રીક્ષામાં મોટા અવાજે સીડી ટેપ વગાડી ગ્રામ જનોને બાનમાં લે છે. રીક્ષા ચાલકોની રોજીંદી કનડગતી થી ગ્રામ જનો તોબાહ પોકારી ઉઠ્યા છે. તેમની લુખ્ખગીરી અને બિભિત્સ વર્તનથી હાઈવે પરના નાના-મોટા ધંધા કરતા વહેપારીઓ ના ધંધા ઉપર પણ વિપરીત અસરો પડી રહી છે.

જુના ડીસા ગામ આજુબાજુ ના અનેક ગામોનુ સેન્ટર છે. તેથી હાઈવે પર ગ્રામિણ પ્રજાનો વધુ ઘસારો રહે છે. તેમાં ધરપડા ના રીક્ષા ચાલકો ની જોહુકમીથી ચક્કાજામ ટ્રાફીક ના દ્રશ્યો રોજીંદા બની ગયા છે. ત્યારે હાઈવે પર અગાઉની જેમ ટ્રાફીક પોઈન્ટ શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે. ડીસા તાલુકા પી.આઈ અને જમાદાર રીક્ષા ચાલકો સામે લાલઆંખ કરી કાયદેસર ની કાર્યવાહી કરે તેવો જનમત પ્રસરી છે.

## ઓરેટ ગૃપના ઓધવજીભાઈને કોંગ્રેસની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૮

જાણીતા ઉદ્યોગપતિ, કેળવણીકાર શ્રી ઓધવજી આર. પટેલ (ઓ.આર.પટેલ)ના દુઃખદ અવસાન અંગે શોકાંજલી આપતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રિય અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધીના રાજકીય સચિવશ્રી અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષકથી કારકિર્દી શરૂ કરીને અજંતા ગૃપના માલિક તરીકે વૈશ્વિક ઓળખ ઉભી કરનાર ઓધવજીભાઈ પટેલના અવસાનથી ગુજરાતે એક પ્રખર કન્યા કેળવણીના હિતરક્ષકત ગુમાવ્યા છે. અનેક સામાજિક, ધાર્મિક સંસ્થા સાથે સક્રિય રીતે જોડાયેલ સ્વ. ઓધવજીભાઈ પટેલ નાના લોકોના ઉત્થાન માટે આજીવન સક્રિય રહ્યા હતા. હું હૃદયપૂર્વક તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરુ છું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જાણીતા ઉદ્યોગપતિ શ્રી ઓ.આર. પટેલના નિધન અંગે શોકાંજલિ આપતા જણાવ્યું હતું કે ગુજરાતે એક પ્રતિબદ્ધ સમાજસેવક ગુમાવ્યા છે. સરદાર પટેલ કન્યા કેળવણી સંકુલ, કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજી દેવસ્થાન ટ્રસ્ટ, સીદસરના પ્રમુખ, ઉંઝા ખાતેના શ્રી ઉમિયા માતાજી સંસ્થાના ઉપપ્રમુખ સહિત અનેક ધાર્મિક, રાજકીય સંસ્થાઓ સાથે સતત સેવા આપી હતી.

ગુજરાત પ્રદેશ ચૂંટણી અભિયાન સમિતિના અધ્યક્ષશ્રી શંકરસિંહજી વાઘેલાએ જાણીતા ઉદ્યોગપતિ ઓધવજીભાઈ પટેલના અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે શિક્ષકથી કારકિર્દી શરૂ કરીને સ્વ. ઓધવજીભાઈએ ઉદ્યોગપતિ તરીકેની સ્વબળે ઓળખ ઉભી કરી હતી.

## ડીસામાં મેલડી માતાજીના મંદિરે હવન યોજાશે



ડીસા શહેરના ટેકરા વિસ્તારમાં આવેલ માં મેલડી ના મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષે આસો સુદ ૮ ને સોમવાર તા-૨૨/૧૦/૨૦૧૨ ના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે હવન રાખવામાં આવેલ છે. સાંજે શ્રીફળ હોમવાનો સમય ૪.૩૦ કલાકે તેમજ માતાજીના નેજા ચડાવવાનો સમય સાંજે ૫.૦૦ કલાકે તેમજ ગરમ ગરમ તેલમાં પુરી તાવડા માંથી બહાર કાઢવા નો સમય સાંજે ૬.૧૫ કલાકે તેમજ મહા આરતી સાંજે ૭.૧૫ કલાકે તેમજ પ્રસાદ નું વિતરણ કરવામાં આવશે. તો ડીસા તેમજ આજુબાજુ ના ગામની ધર્મ પ્રેમી જનતા ને આસો સુદ ૮ ને સોમવાર ના દિવસે હવન શ્રીફળ હોમવા તેમજ નેજા ચડાવવા તેમજ ગરમા ગરમા તેલમાંથી પુરીઓ બહાર કાઢી મહા આરતીના દર્શનનો લાભ લેવા માટે ટેકરા વાળી માં મેલડી ના ભગત શ્રી ઈશ્વરજી અમથાજી એ મોટી સંખ્યામાં ધર્મ પ્રેમી જનતા લાભ લે તેવો અનુરોધ કર્યો છે.ડીસામાં ખરેખર ગરમા ગરમ તાવડામાં ગરમ તેલમાં હાથ નાંખી ને પુરી બહાર કાઢવા લોકો ઉમટી પડે છે. અને કોઈપણ જાતના હાથ દાજ્યા વગર ગરમા ગરમ તેલમાંથી પુરીઓ બહાર કાઢી ચમત્કાર જોવા મળે છે. આથી લોકો આ માં મેલડીના મંદિરે દર્શન, પ્રસાદ, તેમજ આ જોવા માટે લોકો ઉમટી પડે છે.

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)